## મોબાઈલ તેમજ પર્સ સ્નેચરને ઝડપી પાડી બે ગુન્હાનો ભેદ ઉકેલતી ચોકબજાર પોલીસ

સુરત શહેરના ચોકબજાર પો.સ્ટે. વિસ્તારમાં "અ" પડત ગુન્હાઓ શોધી કાઢવા સારૂ તથા ચોરી કરતા આરોપીઓ પકડી પાડવા પો.સ્ટે.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અ.પો.કો. અમિતકુમાર બિરેન્દ્રસીંગ તથા અ.પો.કો. પિયુષભાઈ ખેમચંદભાઈ નાઓને મળેલ બાતમી આધારે આરોપી રાહુલ ઉર્ફે કાલીયા સુરેશભાઈ પટાઈત ઉ.વ. ૨૪ ધંધો: ટેમ્પો ડ્રાઈવીંગ રહે. ઘર નં. ૨૪૧, અપનાનગર આંજણા ફાર્મ સલાબતપુરા, સુરત મુળગામ: આંબેડકર ચોક બસ સ્ટોપની પાછળ નંદુરબાર (મહારાષ્ટ્ર) નાઓને સ્નેચીંગ કરેલ મોબાઈલ ફોન તથા ગુન્હો કરતી વખતે ઉપયોગમાં લીધેલ મો.સા. સાથે પકડી પાડી ચોકબજાર પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૧૨૨૦૦૧૪૩/૨૦૨૦ તથા ચોકબજાર પો.સ્ટે. પાર્ટ એ-૧૧૨૧૦૦૧૨૨૦૦૧૮૫/૨૦૨૦ મુજબના ગુન્હાઓ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.